**<u>મહેરબાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સુરતમાં, મુ.સુરત.</u>**

**ફોજદારી કેસ નં. ૧૬૮૩૨/૨૦૧૯**

**આંકઃ૦૪**

**ફરીયાદીઃ શ્રી સરકાર**

વિરૂધ્ધ

**આરોપીઃ સતરામભાઇ પીતુમલ દેવાણી,**
**ઉ.વ.**–પુખ્ત, **ધંધો**– ડ્રાઈવીંગ,
**રહે.**– ઘર નંબર ૪૩,તીરૂપતી સોસાયટી, પાલનપુર જકાતનાકા,
રાંદેર, સુરત.

**<u>ગુનોઃ આઈ.પી.સી. કલમ–૨૭૯ મુજબ.</u>**

**<u>–// ચુકાદો //–</u>**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ બનાવની તારીખે અડાજણ હનીપાર્ક ચાર રસ્તા પાસે જાહેર રોડ ઉપર પોતાની ઓટો રીક્ષા નં. GJ.5.BY.2911 પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી રાહદારીઓના જીવ જોખમાય તે રીતે હંકારી લાવી પકડાય જઈ ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબનો ગુનો કરતા તે બદલની ફરીયાદ અડાજણ પોલીસ સ્ટેશને સેકન્ડ ગુના રજી. નં.૨૫૯/૨૦૧૯ થી નોંધાતા ગુનાની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨.** આરોપી વિરૂધ્ધ નામ. અદાલતમાં ચાર્જશીટ દાખલ થતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માટે આરોપીને સમન્સ કરવામાં આવતા આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૦૭ અન્વયે તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનું જાહેર કરી આંક–૩ થી ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ, જે સંદર્ભે આંક–૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા અંગે પૂછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી

સજા કરવા દયાની અરજ કરેલ છે. આરોપી વિરૂધ્ધનો ગુનો ધ્યાને લેતા સદર ગુનો પુરવાર થયેથી મહત્તમ છ માસ સુધીની કેદની અથવા રૂ.૧,૦૦૦/– સુધીના દંડની અથવા બંનેની જોગવાઈ કરવામાં આવેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતાં ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુકમ ઃ–**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂ.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો) પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે,

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૭/૨૦૧૯
સ્થળઃ સુરત
સ્પેશ્યલ સીટીંગ

( બી. એચ. કાપડીયા )
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સુરત
Unique Id Gj 00687